# **કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલી દ્વારા ઘોડાલી ગામ ખાતે ખેડૂત શિબિર યોજાઇ**

કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલી અને ચંબલ ફર્ટીલાઈઝર્સ એન્ડ કેમિકલ્સ, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે મહેમદાવાદ તાલુકાના ઘોડાલી ગામે કુલપતિ ડો. કે. બી. કથીરીયાના માર્ગદર્શન હેઠળ યોજાયેલ કૃષિ માટેની તાલીમમાં ડૉ. ડી. બી. પ્રજાપતિ, સહ સંશોધન વૈજ્ઞાનિક અને યુનિટ અધિકારી, કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલી દ્વારા ડાંગર તેમજ શાકભાજી પાકો ઉપર સંશોધિત નવીન જાતો અને તાંત્રિકતાઓનો સમન્વય કરી નફાકારક ખેતી ઉપર માર્ગદર્શન આપવામાં આવેલ હતુ, ડૉ. ભરતભાઇ ઠક્કર, મદદનીશ વિસ્તરણ શિક્ષણ શાસ્ત્રી દ્વારા જમીન ચકાસણી માટે જમીનના નમૂના લેવાની રીત અને ફાયદા, ખેતીમાં  મૂલ્યવર્ધનના ફાયદા, જંતુનાશક દવા છાંટતી વખતે અને પછી રાખવાની કાળજી વગેરે વિષયો અંગે માહિતી આપેલ હતી. જેમાં ૧૦૫ ઘોડાલી ગામના ખેડૂતો અને ચંબલ ફર્ટીલાઈઝર્સ એન્ડ કેમિકલ્સ, અમદાવાદના સ્ટાફે ખૂબ જ ઉત્સાહ પૂર્વક ભાગ લીધેલ હતો. ગ્રામજનોનો ડાંગર, શાકભાજીની ખેતી અને જમીનના જતન બાબતે ઉત્સાહ વધાર્યો હતો.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને અમલીકરણ ડૉ. ભરતભાઈ ઠક્કર અને ડૉ. તારક પટેલ એસોસિએટએ કરેલ હતું.




